
# ‘સ્પિકિંગ ઑફ હિસ્ટરી’ : સંવાદ થકી દસ્તાવેજિત થયેલો ઈતિહાસ

દેશના વર્તમાન અને ભૂતકાળ વિશે જ્યારે બે સજ્જ ઈતિહાસકારનો સંવાદ થાય ત્યારે તેમાં કેટલી રસપ્રદ બાબતો આવી શકે તેવો દસ્તાવેજ હાલમાં પ્રકાશિત થયો છે. આ દસ્તાવેજ એટલે ‘સ્પિકિંગ ઑફ હિસ્ટરી’ અને આ વિશે સંવાદ કરનારા બે ઈતિહાસકાર છે રોમિલા થાપર અને નમિત અરોરા. દેશના ઈતિહાસ સંદર્ભે રોમિલા થાપરનાં અનેક પુસ્તકો છે. તેમના લેખનના મુખ્ય વિષયમાં પ્રાચીન ભારત સવિશેષ રહ્યું છે. ‘જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી’માં પ્રોફેસર રહેનારાં રોમિલા થાપર હવે 90 વર્ષ વટાવી ચૂક્યા છે. તેમ છતાં તેઓના પુસ્તક અને લેખનનો દોર હજુ થંભ્યો નથી. સંશોધન આધારિત આ પુસ્તકોમાંથી પસાર થઈએ તો તેમાંથી દેશના ઈતિહાસ સાથે ધર્મ, રાષ્ટ્રવાદ, દંતકથા અને જ્ઞાતિઓની વિગતો પણ રજૂ થાય છે. આ પુસ્તકમાં તેમની મુલાકાત લેનારા નમિત અરોરા છે. નમિત અરોરા મૂળે કમ્પ્યુટર એન્જિનિયર હતા અને અમેરિકામાં તેઓ સ્થાયી થઈ ચૂક્યા હતા પરંતુ દેશના ઈતિહાસ તરફ તેમના ગાઢ પ્રેમથી તેઓ 2013માં હિંદુસ્તાન પાછા ફર્યા અને હવે તેઓ ઈતિહાસકાર તરીકેની ઓળખ ધરાવે છે. તેમનું ‘ઈન્ડિયન્સ : અ બ્રિફ હિસ્ટરી ઑફ અ સિવિલાઈઝેશન’નામનું પુસ્તક ખાસ્સું વખણાયું છે. આ બંને ઈતિહાસકાર સંવાદ કરે ત્યારે સ્વાભાવિક છે કે તેમાંથી દેશના ઈતિહાસની રસપ્રદ વાતો મળે.

‘સ્પિકિંગ ઑફ હિસ્ટરી’ના કેટલાક અંશો વિવિધ ન્યૂઝ પોર્ટલ પર મુકાયા છે તેમાંથી અહીં પુસ્તકની ઝલક આપવાનો પ્રયાસ કર્યો છે. જેમ કે ‘ધ વાયર’ પર મુકાયેલા આ અંશમાં એક સવાલ નમિત અરોરા, રોમિલા થાપરને એમ પૂછે છે કે, ‘‘પ્રો. થાપર પ્રારંભિક ભારતીય સંસ્કૃતિને હંમેશાં સરખામણીએ વધુ અહિંસક અને સહિષ્ણુ દર્શાવવામાં આવે છે. આ વાત કેટલે અંશે સાચી છે? લોકો હંમેશાં જૈન અને બૌદ્ધ ધર્મ સંબંધે અહિંસાનું સમર્થન કરે છે. આ અહિંસા પ્રાણી-પશુ સુધી પણ પહોંચે છે. આ મહત્ત્વની બાબત છે. જો કે આદર્શ એક વાત છે અને વાસ્તવિકતા બીજી. જે રીતે વૉલ્ટર બેન્જામિને કહ્યું હતું કે, સભ્યતાનો કોઈ દસ્તાવેજ એવો નથી જેમાં બર્બરતા ન હોય. દરેક રાજ્ય અને સમાજનો એક મૂળભૂત ગુણ સંગઠિત હિંસા છે. રાજ્ય હિંસા દ્વારા વર્ગ ભેદ, સંપત્તિ અધિકાર અને કર અમલી બનાવે છે. રાજ્ય, સમાજ



સામાન્ય રીતે યુદ્ધના માધ્યમથી વિકસિત થાય છે. તે માટે શહેર અને ખેતીનો આક્રમક રીતે વિસ્તાર કરવામાં આવે છે, તેમાં ભોગ લેવાય છે આદિવાસી, પશુપાલકો અને હાંસિયા પર ધકેલાયેલોઓનો.’’ આ અંગે રોમિલા થાપર ઉત્તર આપતા કહે છે : ‘‘પ્રારંભિક ભારતમાં અહિંસા અને સહિષ્ણુતાનો ઈતિહાસ મહદંશે અન્ય સમાજ જેવો જ છે. તેમાં કશુંય અલગ નથી. સમય સાથે તેમાં ઉતાર-ચઢાવ આવ્યા છે. જો કે ‘શ્રમણ શિક્ષક’[બ્રાહ્મણ-વેદને નકારીને જ્ઞાન મેળવનારા] મોટા ભાગે બૌદ્ધ અને જૈન હતા; જેઓએ બૌદ્ધ અને અન્ય ધર્મગુરુઓ દ્વારા શિખવવામાં આવેલી અહિંસા અને કરુણાનો પ્રચાર કર્યો. હિંસા વિશેના બુદ્ધના વિચારો હિંદુ પરંપરાથી વેગળા છે. હિંદુ ધર્મમાં ક્યારેક આકસ્મિક હિંસાનું સ્વરૂપ જોવામાં આવે છે. જો કોઈ વિષમ સ્થિતિ છે, તો હિંસાની અનુમતિ છે પરંતુ સામાન્ય રીતે હિંસા ન કરવી શ્રેષ્ઠ બાબત છે. કેટલાંકનો તર્ક છે કે આકસ્મિક હિંસાનું આ સ્વરૂપ ભગવદગીતામાં પણ છે. હું હંમેશાં વિચારું છું કે જો બુદ્ધ કુરુક્ષેત્રના યુદ્ધમાં અર્જુનના સારથિ હોત તો હિંસા-અહિંસાની ચર્ચા નિશ્ચિતરૂપે અલગ હોત. હિંસાનો કોઈ પણ સ્થિતિમાં અસ્વીકાર અને જ્યાં તેની આવશ્યકતા હોય એ સ્થિતિમાં મંજૂરી આપવી - તે બંનેમાં અંતર છે. આ વિવાદાસ્પદ મુદ્દો છે. હિંદુ કે બૌદ્ધ સાહિત્યમાં હિંસા પૂર્ણ રીતે બાકાત કરી દેવામાં નથી આવી. બલકે એવું કહેવાય છે કે જ્યાં હિંદુ ધર્મ આ સંબંધે કેટલીક હદ સુધી તેનો સ્વીકાર કરે છે, ત્યાં બૌદ્ધ ધર્મ આ સ્થિતિમાં પણ સંભવતઃ હિંસાનો અસ્વીકાર કરવાનો પ્રયાસ કરે છે. બૌદ્ધ-શિક્ષણ અહિંસાના મુદ્દે વધુ સંવેદનશીલ હોઈ શકે.




હિંસાનાં ઉદાહરણ અનેક છે. તેમાં જીવનસુરક્ષા સંબંધિત હિંસા સામેલ છે.’’

આગળ રોમિલા થાપર જણાવે છે કે, ‘‘હિંસાના દાખલાઓ અનેક છે. અસ્તિત્વ માટેની હિંસા છે- તેમાં શિકારીઓની હિંસા, ખેતી માટે જમીન સાફ કરવાની હિંસા, વેપારીઓની હિંસા - જેઓ મહદંશે તેમના માટેના જોખમી પ્રાણીઓને મારવામાં આવતા હતા. જો કે લોભ અને વિસ્તારવાદના ઉદ્દેશથી હિંસા સાવ બિનજરૂરી હતી. જંગલોને બાળીને પ્રાણીઓને મારી નાંખવા - જેમાં મનોરંજન અર્થે પણ શિકાર સામેલ છે-નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ રીતે પોતાના વિસ્તાર પર જોખમ ઊભું થયું તે વેળાએ હિંસા સ્થાયી ખેડૂતો અને વિચરતા પશુપાલકો વચ્ચે પણ થઈ હતી અને આમાં માત્ર વિદેશના વિજેતાઓની વાત નથી, બલકે ભારતીય ઉપમહાદ્વિપમાં પણ વિજેતાઓ મોટા પ્રમાણમાં હિંસાના ઉદાહરણ હતાં. નાનાં રજવાડાં પણ પરસ્પર યુદ્ધરત હતાં. તેઓ હિંસા અને અસહિષ્ણુતાથી ગ્રસ્ત હતાં.’’

**ઈન સાઈડ આઉટ સાઈડ**
**કિરણ કાપૂરે**

રોમિલા થાપર આ અંગે વિસ્તારથી જણાવે છે અને તે જાણવું એ માટે પણ જરૂરી છે કે તેનાથી ખ્યાલ આવે કે આપણા ઈતિહાસમાં થયેલી ભૂલો આપણે ફરી ન દોહરાવીએ. તેમાં તેઓ કહે છે કે, ‘‘આ વિષયમાં મુખ્ય વિચાર અશોકના શિલાલેખોમાંથી મળે છે. જ્યારે વિવિધ સંપ્રદાયો વચ્ચે સહિષ્ણુતા અગાઉથી પ્રસરેલી હતી અને કોઈ હિંસા નહોતી, તો પછી એક સમ્રાટે કેમ સહિષ્ણુતા વિશે પ્રચાર કર્યો? સ્વાભાવિક છે કે કોઈ પ્રશ્ન હતો, જે કારણે તેમણે શાંતિની અપીલ કરી હતી. આરંભિક શિલાલેખોમાં તેમણે યુદ્ધોથી જન્મેલી હિંસાનો ઉલ્લેખ કર્યો નથી. તે પછીથી આવે છે. તેરમાં શિલાલેખમાં, જ્યાં તેમણે પોતાના દ્વારા શરૂ કરવામાં આવેલા કલિંગ યુદ્ધના કારણે ખાસ્સું નુકસાન વેઠ્યું અને તે અંગે પશ્ચાત્તાપ થયો. અહિંસા અને અસહિષ્ણુતા સિદ્ધાંતે ત્યાર બાદ તેમના પર ઊંડો પ્રભાવ છોડ્યો. જો કે તેમણે આ સમજ માનવજીવનના મૂલ્યથી કેળવી હતી. મહત્ત્વની બાબત એ છે કે તેઓ લોકોને સંબોધિત કરવા માટે કોઈ ગ્રંથનો ઉલ્લેખ કરતા નથી. તે પછીના શાસકો જેમ કે સમુદ્રગુપ્ત કે હર્ષ દ્વારા અનેક લડાઈ જીતવામાં આવી અને અનેક શાસકો વચ્ચે નિરંતર યુદ્ધ ચાલતા રહ્યા. ભારતના ઉપમહાદ્વિપમાં જાણીતા રાજા સહિત મોટા ભાગના શાસકોએ પોતાનો સમય યુદ્ધમાં અને તેના પરિણામે થનારી હિંસામાં વિતાવ્યો છે.’’ આખરે થાપર કહે છે કે, ‘‘મહાન રાજાની છબિ વિજેતાની હોય છે અને વિજયમાં હિંસા અને અસહિષ્ણુતા સમાવિષ્ટ છે. એ માટે ભારતીય અહિંસક કે સહિષ્ણુ હતા - તે હું માનતી નથી.’’

આ પુસ્તકમાં કોઈ પણ મુદ્દાની ચર્ચા બંને ઈતિહાસકારે વિગતે કરી છે. નમિત અરોરા પ્રશ્ન પણ કરે છે; તો વિગતે કરે છે. આગળ તેઓ પૂછે છે કે, આપણે સ્વાભાવિક રીતે વિજેતાઓ અને નિર્દયી સામ્રાજ્યને મહાન કેમ માનીએ છીએ? તેમને ખલનાયક રીતે જોવાના બદલે આપણે રાજાઓની આક્રમક શક્તિ, સૈન્ય જીત અને વિસ્તારક નીતિના વખાણ કરીએ છીએ. વિશેષ કરીને જ્યારે તેમને ‘આપણા લોકો’ તરીકે ઓળખવામાં આવે છે. આપણે અન્ય પર પ્રભુત્વને સભ્યતાની શક્તિ, સમૃદ્ધિ તરીકે આકલન કરીએ છીએ. આપણે ‘ઉચ્ચ સંસ્કૃતિ’ને પણ મહત્ત્વ આપીએ છીએ, જેને હંમેશાં શાસકોએ પ્રોત્સાહન આપ્યું છે - જેનાં દુષ્પરિણામ અને નુકસાનની આપણે હંમેશાં અવગણના કરી છે. જેમાં સંપત્તિની કેન્દ્રિકરણની નીતિ, લોકો-પ્રકૃતિનું સંગઠિત શોષણ સમાવિષ્ટ છે. આ વિશ્વની સમસ્યા છે પરંતુ મને લાગે છે કે આ રીતે આધુનિક દુનિયા આપણા તરફ જોવાના દૃષ્ટિકોણને પ્રભાવિત કરે છે.’ ’આગળ નમિત અરોરા પ્રશ્ન સંબંધિત માહિતી આગળ જણાવે છે કે, ‘‘આરંભિક ભારતમાં હિંસાની વાત કરતી વેળાએ ઉપિંદર સિંહે પોતાના પુસ્તક ‘પોલિટિકલ વાયલન્સ ઈન એન્સિઅન્ટ ઈન્ડિયા’માં તમારા વિચારોથી હળતો-મળતો દૃષ્ટિકોણ રજૂ કર્યો છે. આ મારા માટે પણ રસપ્રદ છે કે ઈલિયડની જેમ મહાભારતમાં પણ હિંસા છે. જો કે સ્ત્રી-પર્વમાં તેનાં પરિણામો અંગે ઊંડો શોક વ્યક્ત કરવામાં આવ્યો છે. મધ્યકાલીન ભારતનાં રાજ્યોમાં આપવામાં આવતી સજાનો ઉલ્લેખ કેટલાક વિદેશી પ્રવાસીઓએ કર્યો છે. જે હિંસા મધ્યકાલીન યુરોપના રાજ્યો જેવી બદ્તર નથી, તેમ છતાં તે ખૂબ ભયાનક તો છે જ. યાતના, અંગચ્છેદન, માથું કાપી નાંખવું, હાથીથી માણસને કચડવો.’’ આ પ્રશ્ન હજુ લાંબો છે પણ શબ્દમર્યાદાના કારણે તેનો ઉત્તર જોઈ લઈએ. રોમિલા થાપર આ અંગે કહે છે કે, ‘‘આમાં વિરોધાભાસ પણ છે. દાખલા તરીકે, જો સતીપ્રથાને એક ધાર્મિક રીતિ માનવામાં આવે, તો તેમાં સમાવિષ્ટ હિંસાને ધર્મને વ્યાખ્યાયિત કરે છે? અને પછી તે જ ધર્મ ધ્યાનને પણ એક પ્રકારની ધાર્મિક વિધિના રૂપમાં માન્ય કરે છે. જે સંપૂર્ણ રીતે અહિંસક અને સહિષ્ણુ છે. આ ધર્મ અહિંસાનો ઉપદેશ આપે છે, તેમ છતાં તેની અમુક ધાર્મિક ક્રિયાઓ હિંસક છે. જેમ કે, પશુઓની બલિ આપવી. તો આ બંને કેવી રીતે એક જ ધાર્મિક વિશ્વાસનો ભાગ બની જાય છે?’’

‘સ્પિકિંગ ઑફ હિસ્ટરી’માં ઈતિહાસ શિખવા સાથે આવી અનેક બાબતો સંવાદ થકી રજૂ થઈ છે, જેમાં આપણા ઈતિહાસની ઘટનાઓને નવા દૃષ્ટિકોણથી જોઈ શકીએ. અહીં તો તેના થોડાક અંશ સંપાદિત કરીને મૂકી શકાયા છે; જિજ્ઞાસુ વાચકો પુસ્તક વાંચશે તો નિરાશ નહીં થાય.●

> **હિંસા વિશેના બુદ્ધના વિચારો હિંદુ પરંપરાથી વેગળા છે. હિંદુ ધર્મમાં ક્યારેક આકસ્મિક હિંસાનું સ્વરૂપ જોવામાં આવે છે. જો કોઈ વિષમ સ્થિતિ છે, તો હિંસાની અનુમતિ છે પરંતુ સામાન્ય રીતે હિંસા ન કરવી શ્રેષ્ઠ બાબત છે**



# નો સ્મોકિંગ : સિગરેટ હવે મોંઘી છે

આપણા દેશમાં ત્રણ પ્રકારના સિગરેટ પીનારા લોકો જોવા મળે છે. કેટલાક લોકો એવા હોય છે જેમની પાસે કાયમ સિગારેટ હોય પણ એવા લોકો સતત માચીસ શોધતા હોય. કેટલાક લોકો એવા છે કે જેમની પાસે કાયમ માચીસ તો હોય પણ તેઓ સતત સિગારેટ શોધતા હોય પણ એક ત્રીજો વર્ગ છે જેની પાસે ન તો સિગારેટ હોય કે ન તો માચીસ, તેઓ માત્ર પીવાની ઈચ્છા રાખે. એટલે કે એવી ઈચ્છા સાથે રાખીને નીકળી પડે કે જો કોઈ એમને મફતમાં સિગરેટ પીવડાવે તો તેઓ પીવે. આવા લોકો સામાન્ય રીતે સરકારી નોકરીમાં જોવા મળતા હોય છે. એમની એ ‘બીજા કોઈ સિગરેટ પીવડાવે’ વાળી ઈચ્છા પૂરી પણ થાય છે કારણ કે જેણે સરકારી ખાતામાંથી પોતાનું કામ કઢાવવાનું છે એ સરકારીબાબુને ખાલી સિગારેટ જ શું? માચીસ, લાઈટર, એશ-ટ્રે કે પછી દારૂ, લંચ, ડિનર, ડિનર સેટ, સોફા સેટ...એમને જે જોઈએ તે આપી શકે છે. ( આ આપવાની આઈટેમનાં લિસ્ટમાં ઊંડા ઊતરી નહીં શકાય, આ સંસ્કારી અખબાર છે)

વળી આજકાલ સામેથી સિગારેટ અને લાઈટર આપનાર ભલા માણસને સમાજ બહુ આદર અને સન્માનથી જુએ છે. સિગારેટ મોંઘી અને કિંમતી ચીજ છે. મારા દારૂ પીનારા મિત્રો કરતાં સિગારેટ પીનારા મિત્રો વધુ ચિંતિત છે કારણ કે સિગરેટ દિવસે ને દિવસે બહુ મોંઘી થતી જાય છે. જ્યારે એક માણસ, બીજાને સિગરેટ આપે કે ઓફર કરે ત્યારે સિગરેટ લેવાવાળો બહુ ખુશ થાય છે. પણ તો યે મફતમાં મળેલ સિગરેટ હાની તો પહોંચાડે જ છે, આદત વળગે તો ફ્રેંડશિપ અને ફાઈનાન્સ બેઉ પર અસર કરે. માટે આઘા જ રહો.

**શરદ જોશી સ્પીકિંગ**
**સંજય છેલ**

જો કે આજકાલ સારા કે દોસ્તારીના સંબંધોની પરંપરાગત વ્યાખ્યા ખોવાઈ છે. સિગારેટના ધુમાડાના જે વાદળોમાં જનસંપર્ક થાય છે, પ્રેમભર્યા સંબંધો માટે જે વાતાવરણ ઊભું થાય છે, જેને ફૂંકાતા ફૂંકાતા એક ભારતીય એક નિર્ણય તરફ આગળ વધે છે, જેના દ્વારા આપણે આપણી ઈચ્છાઓથી લઈને આપણા ગુસ્સા સુધીની દરેક બાબત વ્યક્ત કરીએ છીએ, જેને ઓફર કરીને આપણે અજાણ્યાઓ સાથેના આપણા સંબંધોની કડી જોડીએ છીએ, તે સિગારેટ હવે મોંઘી થઈ ગઈ છે. હવે સિગરેટનું પેકેટ જેના ખિસ્સામાં છે એ એના પેકેટને ગુપ્ત નાણાંની જેમ છુપાવીને રાખવા માંગે છે. કાળા ધુમાડામાં લપેટાયેલી સિગારેટ હવે કાળા નાણાંની દુનિયામાં જતી રહી છે. હવે જે લોકો બહુ પૈસા કમાય છે એ લોકો જ મોંઘી સિગારેટ પી શકે છે. હવે જે લોકો દાવો કરતાં હતા અને ગર્વથી બડાઈ હાંકતા હતા કે, ‘હું બહુ મહેનત કરું છું તો સિગારેટ પણ સારી જ પીવું છું’, હવે સિગરેટ એવા દાવાઓ માટે નથી રહી. હવે તમે ગમે તેટલી મહેનત કરો તો પણ તમને સારી ઊંચી કંપનીની સિગારેટ નહીં જ પોસાય (અને એ તબિયત માટે સારું જ છે.)

આ એ સમય છે જ્યારે પ્રામાણિક અને મહેનતુ ભારતીયોએ બીડીમાં પાછા ફરવું જોઈએ. બીડીનો ધુમાડો એ ભારતનો પ્રાચીન ધુમાડો છે. બીડીનો કશ ભારતીય આત્માનો કશ છે. તેંદુના પાંદડા, જેમાંથી ભારતીય બીડી બને છે, એ ભારતની જમીન સાથે જોડાયેલ કુદરતી છોડ છે. બીડીને મશીન નહીં, માણસો બનાવે છે. ખાદી પહેરનાર માણસ કરતાં બીડી પીતો માણસ મને વધુ ગાંધીવાદી લાગે છે. આમાં ભારતીય આત્મનિર્ભરતા છે. બીડીની ટેક્નોલોજી અને પેકિંગ, જેને આપણે બંડલ કહીએ છીએ, તે ભારતીય પરંપરામાંથી વિકસેલી ટેક્નોલોજી છે.

હું બીડી નથી પીતો પણ બીડી પર ભાષણ આપી શકું છું. જો બીડી બનાવતી કંપનીઓ મારો સંપર્ક કરે તો હું બીડી પર સરસ જાહેરાતો લખી કરી શકું. હવે સમય આવી ગયો છે કે- હે, ભારતીય બીડીઓ ઊભી થાવ અને મોંઘી સિગારેટને હરાવીને ધૂમ્રપાન કરનારાઓનાં દિલમાં તમારું સ્થાન જમાવો!

જ્યારે આ વાત મેં ભાવુક થઈને મારા એક સિગારેટપ્રેમી મિત્રને સંભળાવી તો એણે કહ્યું, ‘સિગારેટ તો દરેક વખતે મોંઘી થાય છે પણ એને પીવાની છોડી શકાય નહીં. મોંઘી હશે તો મોંઘી પીશું.’ આપણા દેશમાં ઘણાં લોકો પાસે બહુ પૈસા છે, એટલે જ સિગારેટ ખચકાટ વગર મોંઘી થતી જાય છે પણ પૈસા હોય કે ના હોય, એક ચોખવટઃ સિગરેટ પીવી, સેહત અને બચત બેઉ માટે જોખમી છે. ●

> **ખાદી પહેરનાર માણસ કરતાં બીડી પીતો માણસ મને વધુ ગાંધીવાદી લાગે છે. આમાં ભારતીય આત્મનિર્ભરતા છે. બીડીની ટેક્નોલોજી અને પેકિંગ, જેને આપણે બંડલ કહીએ છીએ, તે ભારતીય પરંપરામાંથી વિકસેલી ટેક્નોલોજી છે**

# યશસ્વી જયસ્વાલને વ્હાઈટ બોલ ફોર્મેટમાં રિપ્લેસમેન્ટથી આગળ કોઈ તક કેમ મળતી નથી

યશસ્વી જયસ્વાલ ભારતીય ક્રિકેટમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી પછી ત્રણેય ફોર્મેટમાં કાયમી સ્થાન મેળવવાની ક્ષમતા દર્શાવનાર પેઢીનો ભાગ છે. જયસ્વાલની ટેકનિક, ટેમ્પો કંટ્રોલ, શોટ્સની રેન્જ અને માનસિક મજબૂતાઈ હોવાની સાથે તે આધુનિક ક્રિકેટના દરેક માપદંડને પૂર્ણ કરે છે, પરંતુ સફેદ બોલ ક્રિકેટમાં તેનું ભવિષ્ય પ્રશ્નાર્થમાં રહે છે, ખાસ કરીને ICC મેન્સ T20 વર્લ્ડકપ ટીમમાંથી બહાર થયા પછી. આવી સ્થિતિમાં આજકાલ કોઈ યશસ્વી જયસ્વાલ બનવા નહીં ઈચ્છે. તે ભારતીય ક્રિકેટના સંક્રમણ તબક્કાની વચ્ચે ફસાયેલો અનુભવ કરી રહ્યો હશે. ખાસ કરીને એક-ફોર્મેટ નિષ્ણાત તરીકે લેબલ લગાવ્યા પછી, તે પોતાના ભવિષ્ય વિશે પહેલા કરતાં વધુ અનિશ્ચિત છે. રોહિત શર્મા અને વિરાટ કોહલી પછી તે પેઢીમાં એકમાત્ર યુવા ક્રિકેટર છે જેણે ઓલ-ફોર્મેટ ખેલાડી ની ક્ષમતા બતાવી છે તે છતાં આ કોઈ સંયોગ નથી કે છેલ્લા બે વર્ષમાં, ઉત્તર પ્રદેશના ભદોહીમાં જન્મેલો આ ખેલાડી ટીમ ઈન્ડિયા માટે દરેક મુખ્ય વ્હાઈટ-બોલ સોંપણીમાં સંતાકૂકડી રમી

**ખેલખેલમેં**

રહ્યો છે. તેને ફક્ત રિપ્લેસમેન્ટ પ્લેયર બનાવી દેવામાં આવ્યો છે.

2024 માં, જયસ્વાલ યુએસ અને કેરેબિયન પીચો પર T20 ફોર્મેટમાં વિરાટ કોહલી અને રોહિત શર્માના અનુભવ સામે હારી ગયો. સાત મહિના પછી, જયસ્વાલ ચેમ્પિયન્સ ટ્રોફી માટે 15 સભ્યોની ટીમમાં હતો, પરંતુ મુખ્ય કોચ ગૌતમ ગંભીરની ચોથા સ્પિનરની માંગને કારણે તેને બાકાત રાખવામાં આવ્યો. જ્યારે ભારતના ઓલ-ફોર્મેટ કેપ્ટન ગણાતા શુભમન ગિલ T20 ફોર્મેટમાંથી ખસી ગયા, ત્યારે પસંદગીકારોએ ઈશાન કિશનને જયસ્વાલ કરતાં વધુ ફિટ માન્યા. પસંદગીકારોએ ટીમના બીજા વિકેટકીપર તરીકે ઓપનિંગ બેટ્સમેનને પણ વધુ ફિટ માન્યા. ઈશાને SMAT ફાઈનલમાં 49 બોલમાં સદી ફટકારી. જયસ્વાલે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં પણ તે જ ટીમ સામે 50 બોલમાં સદી ફટકારી હતી, પરંતુ પસંદગીકારોએ આ સદીને અવગણી હતી.

દક્ષિણ આફ્રિકા સામેની ODI ટીમમાં યશસ્વી જયસ્વાલનો સમાવેશ ફક્ત એટલા માટે કરવામાં આવ્યો હતો કારણ કે કેપ્ટન શુભમન ગિલ ઘાયલ થયો હતો. તેણે આ નિર્ણયનો લાભ ઉઠાવીને અંતિમ ODIમાં પોતાની પહેલી સદી ફટકારી. આમ છતાં, તે માત્ર અઢી અઠવાડિયામાં ODI ટીમની બહાર થઈ જશે, કારણ કે શુભમન ગીલ 11 જાન્યુઆરીથી શરૂ થનારી ન્યુઝીલેન્ડ સામેની શ્રેણી માટે ટીમમાં પાછો ફરશે. યશસ્વી જયસ્વાલ રવિવારે 24 વર્ષનa થશે. તેમની ઉંમરને કારણે, તેમની પાસે હજુ પણ ઘણો સમય બાકી છે, પરંતુ એવો ડર છે કે તેઓ પોતાની પ્રેરણા ગુમાવી શકે છે. વારંવાર ટીમમાં અંદર અને બહાર રહેવાની માનસિક અસરને રોકવા માટે, પસંદગીકારોએ તેમની સાથે વાત કરવાની જરૂર છે. તેમણે જયસ્વાલને કહેવું જોઈએ કે તેઓ ક્યાં ખોટું કરી રહ્યા છે. પીટીઆઈ અનુસાર, ટીમ ઈન્ડિયાની પસંદગી સમિતિના ભૂતપૂર્વ અધ્યક્ષ દિલીપ વેંગસરકર પણ સંમત છે. તેમણે કહ્યું, દુર્ભાગ્યપૂર્ણ છે કે જયસ્વાલને તેમની પોતાની ભૂલ વિના વારંવાર ટીમમાંથી બહાર કરવામાં આવ્યો છે. તે દરેક ફોર્મેટમાં જબરદસ્ત ફોર્મમાં છે. મને સમજાતું નથી કે ટીમમાં સ્થાન મેળવવા માટે તેમને વધુ શું કરવાની જરૂર છે. વેંગસરકર ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અને અનુભવી ખેલાડી છે જેમણે 116 ટેસ્ટ અને 129 વનડે રમી છે. ટીમ ઈન્ડિયાની T20 ટીમમાં યશસ્વી જયસ્વાલને છેલ્લી તક જુલાઈ 2024 માં શ્રીલંકા પ્રવાસ દરમિયાન મળી હતી. જયસ્વાલે તેની છેલ્લી પાંચ T20I ઈનિંગ્સમાં 93, 12, 40, 30 અને 10 રન બનાવ્યા હતા. ઈનિંગ્સની શરૂઆત કરતી વખતે તેનો સ્ટ્રાઈક રેટ 200 થી વધુ હતો. વર્તમાન ભારતીય ટીમની ફિલસૂફી રનની ચિંતા કર્યા વિના આક્રમક ક્રિકેટ રમવાની છે. જયસ્વાલ આ બિલમાં સંપૂર્ણ રીતે ફિટ બેસે છે. ત્યારબાદ, જયસ્વાલને આગામી છ મહિના માટે રેડ-બોલ ક્રિકેટ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કહેવામાં આવ્યું હતું અને ત્યારથી તે T20 ક્રિકેટમાં પાછો ફર્યો નથી.

૨૦૦૮માં ૧૯ વર્ષના કોહલીને રાષ્ટ્રીય ટીમમાં ઝડપી પ્રવેશ અપાવનાર માજી કેપ્ટન વેંગસરકર ગીલને બાકાત રાખવાના મુદ્દા પર પસંદગીકારો સાથે સંમત થયા હતા, અને ભારપૂર્વક કહ્યું હતું કે પસંદગીમાં વર્તમાન ફોર્મ કેન્દ્રસ્થાને રહેવો જોઈએ. પરંતુ જ્યારે તેમના પર એ જવાબ આપવાનું દબાણ કરવામાં આવ્યું કે તેઓ કોને પસંદ કરશે, ત્યારે તેમનો જવાબ સ્પષ્ટ હતો કે યશસ્વી જયસ્વાલ. તે બધા ઉત્તમ ખેલાડીઓ છે, પરંતુ પસંદગી સમિતિ જ્યારે વર્તમાન ફોર્મ અને ફિટનેસના આધારે ખેલાડીઓનો ન્યાય કરે છે ત્યારે હું તેમની સાથે છું. અને જો તમે પૂછો કે મેં ગીલની જગ્યાએ કોને પસંદ કર્યો હોત, તો મારી પસંદગી જયસ્વાલ હોત. તેણે વારંવાર સાબિત કર્યું છે કે તે કેટલો ઉત્તમ પ્રદર્શન કરનાર છે અને હંમેશા ટીમને આજકાલ જરૂરી શરૂઆત આપી છે એવું 116 ટેસ્ટ અને 129 વન ડે મેચ રમનારા અનુભવી ખેલાડી વેંગસરકરે કહ્યું. ટી20 ક્રિકેટમાં તમારી ગેરહાજરીનું કોઈ વળતર મળતું નથી. લય તેનું મુખ્ય ચલણ છે, અને દૃશ્યતા મહત્વપૂર્ણ છે. જ્યારે અન્ય ખેલાડીઓ દ્વિપક્ષીય સીરિઝ દરમિયાન સફેદ બોલના લૂપમાં રહ્યા, પસંદગીકારો માટે પરિચિત ચહેરા રહ્યા, ત્યારે જયસ્વાલ દૃષ્ટિથી દૂર થઈ ગયો. એટલા માટે નહીં કે તે નિષ્ફળ ગયો, પરંતુ એટલા માટે કે સિસ્ટમે તેને અન્યત્ર રીડાયરેક્ટ કર્યો.●



> **યશસ્વી જયસ્વાલને જ્યારે વ્હાઈટ-બોલ ક્રિકેટમાં તક આપવામાં આવી ત્યારે તેણે સારું પ્રદર્શન કર્યું છે, જો કે તેનો સમાવેશ માત્ર એક રિપ્લેસમેન્ટ તરીકે કરાયો છે અને જ્યારે શુભમન ગિલની વનડે ટીમમાં વાપસી થાય ત્યારે તેને ટીમમાંથી બહાર કરી દેવાય છે, તેમાં આ વખતે તો વળી નવું થયું કે ગીલને T20 વર્લ્ડકપ ટીમમાંથી બહાર રખાયો ત્યારે જયસ્વાલને સ્થાને પસંદગીકારોએ ઇશાન કિશનને પ્રાથમિકતા આપી**